Extra No. 362

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, OCTOBER 8, 2025 / ASVINA 16, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩ ચાણસ્માના પત્ર જા.નં.નયોમુન.વિ.૩/પીબી / ડાયવર્ઝન /૧૬૩૧/૨૦૨૫ તા.૩૦/૦૯/૨૦૨૫

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૨૪૭૮ થી ૧૨૫૪૧/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩ ચાણસ્માના પત્ર જા.નં.નયોમુન.વિ.૩/પીબી / ડાયવર્ઝન /૧૬૩૧/૨૦૨૫ તા. ૩૦/૦૯/૨૦૨૫થી નર્મદા મુખ્ય નહેર પર વિવિધ ગ્રામ્ય માર્ગ પસાર થાય છે જે પૈકી મેસરા ગામના ખેતરો ને જોડતો ગ્રામ્ય માર્ગ નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૮.૩૧૫ કિ.મી. પર નર્મદા મુખ્ય નહેરને ઓળંગે છે. સદર બ્રિજનું ડ્રોન સર્વે કરાવતાં, બ્રિજનાં ડેક સ્લેબ, પિયર અને પેરાપેટ દિવાલ જર્જરીત થયેલા હોઈ, અગમચેતીના ભાગ રૂપે કોઈ દુર્ઘટના ના થાય તે સારૂ તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધિત કરતા જાહેરનામાની મુદ્દત લંબાવવા દરખાસ્ત કરેલ છે.

અત્રેના જિલ્લાની અધિકાર ક્ષેત્રની નર્મદા નિગમ હેઠળની નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૮.૩૧૫ કિ.મી. પર આવેલ બ્રિજનું બાંધકામ આશરે ૨૫ વર્ષ જૂનું હોઈ, અગમચેતીના ભાગ રૂપે કોઈ દુર્ઘટના ના થાય તે સારૂ તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધિત કરવા જાહેરનામાની મુદ્દત લંબાવવા અંગેની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્ય જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ અત્રેના જિલ્લાની અધિકાર ક્ષેત્રની નર્મદા નિગમ હેઠળની નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૮.૩૧૫ કિ.મી. પર આવેલ બ્રિજનું બાંધકામ આશરે ૨૫ વર્ષ જૂનું હોઈ, અગમચેતીના ભાગ રૂપે કોઈ દુર્ઘટના ના થાય તે સારૂ તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

સદરહું જાહેરનામા નિયમોના ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા આ જાહેરનામાના ભંગ બદલ BNS-2023 ની કલમ ૨૨૩ તળે કાયદેસર કાર્યવાહીને પાત્ર ઠરશે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ - ૩, ચાણસ્મા કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપર વાહનોની અવર-જવર બંધ કરવા માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ - ૩, ચાણસ્માએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૮/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:57:31 IST